ઈન્દિરા ગાંધીની જન્મજયંતિએ આજે કોંગ્રેસ પાર્ટી ઓફિસમાં પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠક

૮૭ બેઠકોના ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર

ઉમેદવારોની પ્રથમ યાદી ૨ ૨મીએ ભાજપ જાહેર કરે તેવી શકયતા

ગાંધીનગર, તા.૧૯

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ચાલી રહેલી મેરેથોન બેઠકમાં ૮૭ બેઠકો માટેના ઉમેદવારોની આખરી પસંદગી યાદીને ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના તહેવારો અગાઉ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની સળંગ પાંચ દિવસ બેઠક મળી હતી. જે દરમિયાન તમા જિલ્લાના આગેવાનો જિલ્લા નિરિક્ષકો, જિલ્લા પ્રભારીમંત્રીઓને સાંભળીને ૧૮૨ બેઠકો માટેના સંભવીત ઉમેદવારોના ત્રણ નામોની પેનલયાદી તૈયાર કરવામાં આવી હતી.

દિવાળીના તહેવારો બાદ પુનઃ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠકનો દોર શરુ થવા પામ્યો છે. ગાંધીનગરમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોની બેઠકનો દોર ચાલી રહ્યો છે.

પ્રથમ તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે ૮૭બેઠકોના ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરવા માટેની કવાયત આ બેઠકમાં હાથ ધરવામાં આવી છે. તમામ વિધાનસભા બેઠકો પરની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, જ્ઞાતિ સમીકરણો, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીના સંભવીત ઉમેદવારો જેવી બાબતો અંગેની સમીક્ષા કરીને કઈ બેઠક પર કઈ જ્ઞાતિના કયા ઉમેદવાર સક્ષમ પુરવાર થશે એ અંગે ચર્ચા વિચારણા કરીને ત્રણ નામોની પેનલ યાદીમાંથી કોઈ એક નામ પર ઉમેદવાર પસંદગીનો કળશ ઢોળવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાર્લામેન્ટરી બોર્ડની ચાલી રહેલી મેરેથોન બેઠકમાં આવતીકાલ સાંજ સુધીમાં તમામ ૧૮૨ બેઠકોમાટેના આખરી ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી દેવામાં આવશે જોકે આગામી ૨૨મી અથવા ૨૩મી નવેમ્બરના રોજ પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટે ના ઉમેદવારોની પ્રથમ યાદી જ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. જયારે બાકીની ૯૫ બેઠકો માટેના ઉમેદવારોની બીજી યાદી સપ્તાહ બાદ જાહેર કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સાબરકાંઠાની સાતેય બેઠકો માટે ત્રણે પક્ષોમાં દાવેદારોની દોડાદોડ

હિંમતનગર બેઠક માટે ગૃહમંત્રી પ્રફુલ પટેલ અને ઈડર બેઠક માટે શિક્ષણમંત્રી રમણલાલ વોરાની પસંદગી નિશ્ચિત : સાત પૈકી ખેડબ્રહ્મા અને ભીલોડા બેઠક ઉપર આદીવાસી મતોનું પ્રભુત્વ : બાકીની બેઠકો ઉપર ક્ષત્રિયોનો દબદબો : હિંમતનગર અને મોડાસા બેઠક માટે લઘુમતી મતદારો નિર્ણાયક

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠકો માટેના ચૂંટણી જંગનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે હવે એક સપ્તાહનો સમય બાકી હોવાથી ટિકીટવાચ્છુઓ દ્વારા ટીકીટ મેળવવા માટેના લોબિંગનો ધમધમાટ સ્થાનિક આગેવાનોમાં વધી જવા પામ્યો છે.

ભાજપ-કોંગ્રેસ અને પરિવર્તન પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે પેનલો તૈયાર કરી પ્રદેશ સમિતિઓને મોકલી આપ્યા બાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપી દીધો છે. ત્યારે ઉમેદવારો પોતાની પસંદગી થાય તે માટે લોબિંગ શરૂ કરી દીધું છે. ૨૦૦૭માં જિલ્લાની આઠ વિધાનસભા બેઠકો હતી પરંતુ નવા સિમાંકનમાં મેઘરજ-માલપુરની એક બેઠક ઓછી થઈ છે.

જિલ્લાની સાત વિધાનસભા બેઠકો પૈકી ખેડબ્રહ્મા અને ભીલોડા બેઠક એસ.ટી. માટે અનામત તેમજ ઈડર બેઠક એસ.સી. માટે અનામત છે. ગત વિધાનસભાની પરિણામ ઉપર નજર કરીએ તો ખેડબ્રહ્મા, ભીલોડા અને મેઘરજ-માલપુર બેઠક કોંગ્રેસને મળી હતી જ્યારે હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, મોડાસા અને બાયડ બેઠક ઉપર ભાજપે કબ્જો જમાવ્યો હતો. પાંચ બેઠકો ઉપર ચૂંટાયેલા ધારાસભ્યો પૈકી ત્રણને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું હતું.

આ વખતની ચૂંટણી જ્ઞાતિવાદના સમીકરણો ઉપર લડાશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ઉમેદવારોની પસંદગીમાં પણ જ્ઞાતિવાદને પ્રાધ્યાન્ય અપાશે તેવું જણાઈ રહ્યું છે. ખેડબ્રહ્મા અને ભીલોડા બેઠક ઉપર આદિવાસી મતોનું પ્રભુત્વ છે. તેની સાથે કોંગ્રેસ પણ મજબૂત છે હિંમતનગર, મોડાસા, પ્રાંતિજ અને બાયડ બેઠક ઉપર ક્ષત્રિય મતોનો દબદબો છે. તેની સાથે હિંમતનગર અને મોડાસા બેઠક ઉપર મુસ્લીમ મતદારો નિર્ણાયક સાબિત થશે. હિંમતનગર બેઠક ઉપર ૭૨ હજાર ક્ષત્રિય, ૪૨ હજાર મુસ્લીમ મતદારો, ૩૨ હજાર પાટીદાર એ ઉપ હજાર એસ.સી. મતદારો સહિત ૨.૧૭ લાખ જેટલા મતદારો છે. હિંમતનગરની બેઠક ઉપર ગૃહ રાજ્યમંત્રીની પસંદગી નિશ્ચિત છે. તો કોંગ્રેસમાં ઉમેદવારની પસંદગીને લઈ ધમસાણ ચાલી રહ્યું છે. પરંતુ કોંગ્રેસ કોઈ ક્ષત્રિય ઉમેદવારને મેદાનમાં ઉતારશે તે નક્કી છે. ઈડર બેઠક ઉપર શિક્ષણ મંત્રી રમણલાલ વોરાનું નામ પણ નિશ્ચિત છે. તેમની સામે કોંગ્રેસમાંથી ઉમેદવાર બનવા કાન્તીલાલ પરમાર, રામભાઈ સોલંકી અને વિનોદ પરમાર સહિત ૧૦ જેટલા ઉમેદવારોએ દાવો કર્યો છે.

બે-ત્રણ દિવસમાં ઉમેદવારોની યાદી ભાજપ-કોંગ્રેસ અને પરિવર્તન પાર્ટી જાહેર કરશે તે પહેલાં ટીકીટ વાચ્છુઓ ઉમેદવાર બનવા એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે.

અમદાવાદ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ પર ભારતની નવ વિકેટે ભવ્ય જીત

મેન ઓફ ધ મેચ તરીકે સન ઓફ સૌરાષ્ટ્ર પુજારાની પસંદગી : જીતવા માટેના ૭૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે માત્ર એક વિકેટ ગુમાવીને ૨ન બનાવ્યા : ઈંગ્લેન્ડ બીજા દાવમાં ૪૦૬ રને ઓલ આઉટ

અમદાવાદ,તા. ૧૯

અમદાવાદના સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચના પાંચમા અને અંતિમ દિવસે આજે ભારતે ઈંગ્લેન્ડ પર નવ વિકેટે જીત મેળવીને ૧-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી હતી. યજમાન ટીમ ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં હવે ઈંગ્લેન્ડ પર વર્ચસ્વ ધરાવે છે. જીતવા માટેના માત્ર ૭૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે માત્ર એક વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા અને મેચ જીતી લીધી હતી. ભારત તરફથી વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગની સાથે ચેતેશ્વર પુજારાએ ઈનિંગ્સની શરૂઆત કરી હતી. સહેવાગના રૂપમાં ભારતે પ્રથમ વિકેટ ગુમાવી હતી. ૨૫ રન બનાવ્યા બાદ સહેવાગ ગ્રીન સ્વાનની બોલીંગમાં પિટરસન દ્વારા કેચ આઉટ થયો હતો. સહેવાગ અને પુજારાએ પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૫૭ રન ઉમેર્યા હતા. પુજારા ૫૧ બોલમાં આઠ ચોગ્ગાની મદદથી ૪૧ અને વિરાટ કોહલી બે ચોગ્ગાની મદદથી ૧૧ રન બનાવીને અણનમ રહ્યા હતા. આ અગાઉ ફોલોઓન થયા બાદ બીજી ઈનિંગ્સમાં રમતા ઈંગ્લેન્ડની ટીમ ૪૦૬ રન બનાવીને ઓલ આઉટ થઈ ગઈ હતી ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે ઈંગ્લેન્ડે બીજી ઈનિંગ્સમાં પાંચ વિકેટે ૩૪૦ રન બનાવ્યા હતા. ગઈકાલે અણનમ રહેલા કેપ્ટન એલિસ્ટર કુક અને વિકેટકિપર બેટ્સમેન મેટ પ્રાયરે ઈનિંગ્સને આગળ વધારી હતી. પ્રજ્ઞાન ઓઝાની બોલીંગમાં તે ૯૧ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો. પ્રાયર અને કુકે છઠ્ઠી વિકેટની ભાગીદારીમાં ૧૫૭ રન ઉમેર્યા હતા. ત્યારબાદ કુક ૧૭૬ રન બનાવ્યા બાદ ઓઝાની બોલીંગમાં બોલ્ડ આઉટ થયો હતો. કુકે ૩૭૪ બોલમાં ૨૧ ચોગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. સ્ટુવર્ટ બ્રોડ ઉમેશ યાદવની બોલીંગમાં આઉટ થયો હતો. તે ત્રણ રન બનાવી શક્યો હતો. સ્વાનના રૂપમાં ઈંગ્લેન્ડે નવમી વિકેટ ગુમાવી હતી. બ્રેસનન ઝહિરખાનની બોલીંગમાં આઉટ થયો હતો. ચોથા દિવસે ઈંગ્લેન્ડ તરફથી કોમટોને ૩૭, ટ્રોટ ૧૭, પિટરસન ૦૨, બેલ ૨૨ અને સમિત પટેલ શૂન્ય રને આઉટ થયા હતા. ભારત તરફથી બીજી ઈનિંગ્સમાં ઓઝાએ ચાર અને ઉમેશ યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમે પ્રથમ દાવમાં આઠ વિકેટે ૫૨૧ રન બનાવીને દાવ ડિકલેરે કર્યા બાદ જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ તેના પ્રથમ દાવમાં માત્ર ૧૯૧ રન બનાવીને ઓલ આઉટ થઈ જતા તેને ફોલોઓનની ફરજ પડી હતી.

ગુજરાતના શૈક્ષણિક પ્રવાસે આવેલા જમ્મુ-કાશ્મીરના બાળકો રાજ્યપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય સેનાના ૧૦-આર.આર.(રાજપૂત) - રેજિમેન્ટ દ્વારા આયોજિત ગુજરાતના શૈક્ષણિક પ્રવાસે આવેલા જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લાના બાળકોએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની સૌજન્ય મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીએ બાળકો સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. તેમણે ભારતીય સેના દ્વારા યોજાતા આવા શૈક્ષણિક પ્રવાસોના આયોજનના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે લે. કર્નલ નવીન બેન્દ્રેએ પ્રવાસની વિગતો આપી હતી.

મોટેરા પર વિજય બદલ મુખ્યપ્રધાનના અભિનંદન

અમદાવાદ, તા. ૧૯

મુખ્યમંત્રી અને ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ નરેન્દ્ર મોદીએ ભારતીય ક્રિકેટ ટીમને અમદાવાદ ખાતે રમાયેલી ભારત-ઈંગ્લેન્ડ પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં જવલંત વિજય માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પેશ શટલમાં અવકાશ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરીને પરત આવેલા સુશ્રી સુનિતા વિલિયમ્સને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

મુખ્યમંત્રી આજે ઠાકરેના કુટુંબના સભ્યોને મળશે

અમદાવાદ, તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે મુંબઈ પહોંચી રહ્યા છે. નરેન્દ્ર મોદી આવતીકાલે મંગળવારે સવારે, ૧૦ વાગ્યે મુંબઈ ખાતે શિવસેનાના દિવંગત પ્રમુખ સ્વ. બાલા સાહેબ ઠાકરેના શોકસંતપ્ત પરિવારજનોને રૂબરૂ મળીને દિલસોજી અને સાંત્વના પાઠવશે. અત્રે ઉલ્લેખનિય છે કે બાલ ઠાકરેના શનિવારના દિવસે અવસાન થયુ હતુ.

શબ્દાવલી - ૪૯૦૦

૧	૨	૩		■	■	૪	
૫			■	૬	૭		■
૮		■	■	■	૯		૧૦
	■	૧૧	૧૨	૧૩		■	
■	૧૪				■	■	
■	૧૫		■	૧૬	૧૭		
૧૮		■	૧૯	■		■	■
૨૦				■	૨૧		

આડી ચાવી

૧. રાંધેલા ચોખામાંથી વધારાનું પાણી કાઢે તે (૪)
૪. કપાસી, કણ (૨)
૫. ઠામણા (૩)
૬. આનંદ, મોજ-મસ્તી (૩)
૮. રેતીનું મેદાન (૨)
૯. દેવું (૩)
૧૧. બહાવરૂં (૪)
૧૪. ગુરૂ (૪)
૧૫. સીમા, સરહદ (૨)
૧૬. લાકડા કાપવાનું એક સાધન (૪)
૧૮. ધાન્ય, અનાજ (૨)
૨૦. જળને ધારણ કરનાર (૪)
૨૧. આકાશ, નભ (૩)

ઊભી ચાવી

૧. દુઃખણા, વારણા (૪)
૨. ગીરનો પ્રદેશ (૩)
૩. ૨૦ કિલોને... કહેવાય (૨)
૪. મુલ્યાંકન, કિંમત (૩)
૭. પકતું, ખુલ્લું (૩)
૧૦. લાગણી, ફિલીંગ્સ (૪)
૧૧. ખુબ વધારે, હદ વિનાનું (૩)
૧૨. વરાળ, ભાપ (૨)
૧૩. થોડુંક, જરાક (૩)
૧૪. અર્જુનનો એક વર્ષનો ગુપ્તવેશમાં સ્ત્રી વેશ (૪)
૧૭. ચાલુનું અંગ્રેજી, રૂટીંગમાં જે ચાલે છે તે (૩)
૧૮. બકરો (૨)
૧૯. ઠંડી, બેઠી ટાઢ (૨)

શબ્દાવલી ૪૮૯૯ના જવાબ

આડી ચાવી :- (૧) ઉપાચત (૪) ભાયડો (૬) તનકારો (૮) પાલનહાર (૧૦) કાફી (૧૧) તલ (૧૨) મન (૧૩) કાપ (૧૫) તાસળી (૧૭) ફરક (૧૮) નથ (૨૦) વાજુ (૨૧) બલુન (૨૨) કારોબાર

ઊભી ચાવી :- (૧) ઉલ્કાપાત (૨) પતન (૩) તનહા (૪) ભારો (૫) ડૉલફીન (૭) કારસતાન (૯) લલકાર (૧૦) કામળી (૧૪) પકવાન (૧૬) સથવારો (૧૭) ફરેબ (૧૯) કબર

રિક્ષા ગેંગે લૂંટી લીધો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમદાવાદ-શાહપુરના મનોજ ઉર્ફે માંજરો રજનીકાન્ત દાંતણીયા, અશોક કાંતિલાલ પટણી, છના રત્ના પટણી અને ચમનપુરા વિસ્તારનો ઘેટો પટણી પૈકી મનોજ ઉર્ફે માંજરો પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. જયારે અન્ય ત્રણ શખ્સો નાસી છુટવામાં સફળ રહ્યા હતાં. સે-૨૧ પોલીસે મહેન્દ્રકુમાર ભાવસારની ફરિયાદને આધારે ચારેય શખ્સો વિરુધ્ધ લુંટનો ગુનો દાખલ કર્યો છે. ગાંધીનગર એલ.સી.બી. પી.એસ.આઈ. ઉત્સવ બારોટ તથા તેમની ટીમે એકની ધરપકડ કરી તેના સાગરીતોની શોધખોળ શરુ કરી છે. આ ગેંગની પુછપરછમાં શહેરના અન્ય કેટલાક ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા પોલીસે વ્યકત કરી છે.

ગેંગ પોલીસ સકંજામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાબરકાંઠા અને ગાંધીનગર સહિતના શહેરોમાં કુલ ૩૪ ગુન્હાઓમાં સંડોવાયેલી આ ગેંગને ઝડપી લેવા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતું. જેના અંતે વોન્ટેડ દેવીપૂજક ગેંગના આરોપી છનુ હેમુભાઈ, કેશુ હેમુભાઈ, રમેશ કેશુભાઈ, મહેશ કેશુભાઈ તેમજ વલકુ ઉર્ફે ભોલો શિવા (રહે. ભાવનગર જિલ્લો, ગામ સઈડા)ને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસ ટીમની પ્રસંશનીય કામગીરી બદલ રાજ્ય પોલીસ વડા ચિતંરનજસિંઘે અમદાવાદ રેન્જ આઈ.જી.પી. આર. બી. બ્રહ્મભટ્ટ અને અમદાવાદ ગ્રામ્યના પોલીસ અધિક્ષક ગગનદીપ ગંભીરને પ્રશંસાપત્ર એનાયત કર્યા હતા. આ ઉપરાંત અન્ય ૨૨ પોલીસ અધિકારી-કર્મચારીઓને પણ રોકડ પુરસ્કાર આપી સન્માન કર્યું હતું.

દાવેદારોના ધામા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ પક્ષની દિલ્હીમાં ઉમેદવારોની પસંદગી માટેની કવાયત ચાલી રહી છે અને ૧૦૦૦થી પણ વધુ દાવેદારો તેમના સમર્થકો સાથે દિલ્હી પહોંચી ગયા છે. ઉત્તર ગુજરાતના કોંગી આગેવાનો પણ દિલ્હી પહોંચી રહ્યાનું જાણવા મળેલ છે.

ટિકિટ વાંચ્છુઓ તેમની દાવેદારી મજબુત હોવાની વાતો કહી રાજકીય આગેવાનોને મનાવવાના ભરપુર પ્રયાસો કરી રહ્યા છે. ટિકિટ વાંચ્છુઓ દ્વારા જાત જાતના સમીકરણોમાં પોતે જ યોગ્ય હોવાનો દાવો પણ કરે છે.

મળતી વિગતો પ્રમાણે ટિકિટ વાંચ્છુઓએ ૨૦ પાનાથી ૫૦ પાનાના બાયોડેટા કલર ઝેરોક્ષ સાથે તૈયાર કરી અને તેમની રજુઆતો કરી રહ્યા છે.

ગુજરાત વિધાનસભાની આ ચૂંટણીઓ નવા સીમાંકન પ્રમાણે હોવાથી બંને પક્ષોમાં કેટલાક વર્તમાન સભ્યોની ટિકિટ કપાશે એ વાત નિશ્ચિત બની ચુકી છે.

ભાજપ અને કોંગ્રેસે તો ઉમેદવારની પસંદગી સંદર્ભે પણ ખાનગીમાં સર્વે કરાવ્યાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. મળતી વિગતો પ્રમાણે બંને પક્ષના કેટલાક નેતાઓ દ્વારા તેમના મત વિસ્તાર બદલાતા હોવાથી દિવસે પાટનગરમાં અને રાત્રે નવા વિસ્તારોમાં વ્યસ્ત બન્યા છે.

આમ વિધાનસભાની ચૂંટણીને લઈ પાટનગરમાં મનમાં સંશય અને સ્વપ્રાઓ લઈ દાવેદારોની દોડધામ વધી જવા પામી છે.

નિરીક્ષકો નિમાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કલોલ બેઠક માટે યુ.પી. કેડરના અધિકારી ડૉ. ગુરૂદીપસિંઘની નિમણુંક કરવામાં આવી છે. આ નિરીક્ષકોના લાયઝન અધિકારીઓની નિમણુંક કરતા હુકમો આજે જિલ્લા તંત્રએ કરી દીધા છે.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટેના પ્રથમવાર નિરીક્ષક નિમવામાં આવ્યા છે. રાજસ્થાનના શ્રી સુનીલકુમાર મલ્હોત્રાની નિમણુંક કરવામાં આવી છે. તેઓ ગાંધીનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો અભ્યાસ કરી કેટલો ફોર્સ ક્યાં મુકવો તે અંગે સ્થાનિક અધિકારીઓ સાથે પરામર્શમાં રહી હુકમો કરશે.

જિલ્લામાં ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષકો ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ અહિ આવી પહોંચશે. ખર્ચ નિયંત્રણના નિરીક્ષકો બે વાર ગાંધીનગર જિલ્લામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા પણ ચૂંટણીના નિરીક્ષકો ઘોષિત થઈ જવાની સાથે જ ચૂંટણી તૈયારીઓ પૂર જોશમાં આરંભી દેવામાં આવી છે.

કાફ્ટ ઓફ આર્ટ દ્વારા અમદાવાદમાં વર્લ્ડ હેરિટેજ વીક ૨૦૧૨ની ઉજવણી

અમદાવાદ, તા. ૧૯

આજથી વર્લ્ડ હેરિટેજ વીકનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે, વર્ષ દરમ્યાન જેની આતુરતાપૂર્વક પ્રતિક્ષા થઈ રહી હોય છે તે સ્થાપત્યના અદ્‌ભૂત નજારા અને હેરીટેજ સાઈટ સરખેજના રોઝા તથા અડાલજની વાવની પશ્ચાદભૂમિકામાં યોજાતા સૂફી સંગીત મહોત્સવ અને વોટર ફેસ્ટીવલ જેવા બે સમારંભોનું યજમાન બન્યું છે. આ વર્ષનો 'સેલીબ્રેટીંગ હેરીટેજ' શિર્ષક ધરાવતો કાફ્ટ ઓફ ધ આર્ટ ફેસ્ટીવલ, તા. ૨૩મી નવેમ્બરના રોજ સરખેજના રોઝા ખાતે તથા ૨૫મી નવેમ્બરે અડાલજની વાવ ખાતે યોજાઈ રહ્યો છે. 'સેલીબ્રેટીંગ હેરીટેજ' કે જેને યથાર્થ રીતે કાફ્ટ ઓફ ધ આર્ટ તરીકે ઓળખવામાં આવે છે તે સ્થાપત્ય, સંસ્કૃતિ અને કલાના અદ્‌ભૂત ઐતિહાસિક વારસાને પરિચય તથા પ્રચાર દ્વારા ભારતની પ્રજા તથા ખાસ કરીને યુવા પેઢી સમક્ષ લઈ જવાનો પ્રયાસ છે. હાલમાં કાફ્ટ ઓફ ધ આર્ટ, વર્લ્ડ હેરિટેજ વીક જેવા ખાસ ઉજવણીના પ્રસંગોનો ઉપયોગ કરીને શહેરની અંદર આવેલાં ઐતિહાસિક સ્મારકોનાં વિવિધ પાસાંને નાગરિકો સમક્ષ રજૂ કરે છે.

કાફ્ટ ઓફ ધ આર્ટ આવા ઉત્સવોનું આયોજન કરીને હેરીટેજ વીક દરમ્યાન લોકોની ઉજવણીમાં સામેલગીરી દ્વારા સંગીતના સમૃદ્ધ વારસા સાથે જોડીને સ્મારકને એક નવી પ્રતિષ્ઠા બક્ષે છે. કાફ્ટ ઓફ ધ આર્ટ સંગીત સમારોહનો પ્રારંભ વર્ષ ૨૦૧૦માં સ્થાપત્ય, પ્રભાવ, ખ્યાતિ, સાંસ્કૃતિક વૈવિધ્ય અને અમદાવાદના લોકોની ધાર્મિક બહુલતાના પ્રતિક સમાન સરખેજના રોઝા ખાતેથી કારાયો હતો. આ વર્ષનો કાફ્ટ ઓફ આર્ટ સેલીબ્રેટીંગ હેરિટેજ ફેસ્ટીવલ-૨૦૧૨ એ તેની ત્રીજી આવૃત્તિ છે.

ઉત્સવની ત્રીજી આવૃત્તિના પ્રારંભ પ્રસંગે આનંદ વ્યક્ત કરતાં કાફ્ટ ઓફ આર્ટનાં સ્થાપક બિરવા કુરેશીએ જણાવ્યું હતું કે 'ઉત્સવનો ઉદ્દેશ નાગરીકોને અને ખાસ કરીને યુવા પેઢીને અવારનવાર અવગણવામાં આવતા પોતાના સ્મારકના ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા, કલા, સ્થાપત્ય અને જીવનસૈલી સાથે જોડીને તેને માટે પ્રદાન કરવા માટે પ્રેરવાનો છે.'

બિરવાએ વધુમાં જણાવ્યું કે 'આ સમારંભનું આયોજન બે દિવસ માટેકરવામાં આવ્યું છે. જેમાં ૨૩મી નવેમ્બર, ૨૦૧૨ના રોજ પ્રથમ દિવસે સરખેજના રોઝા ખાતે સુફી ફેસ્ટીવલ યોજાશે. બીજા દિવસે મધ્યકાલીન યુગના સ્થાપત્યના બેનમૂન ઉદાહરણ તરીકે ગણના પામતી અડાલજની વાવ ખાતે વોટર ફેસ્ટીવલ યોજાશે. બંને સ્થળો અમદાવાદના સ્થાપત્યના લોકપ્રિય વારસાનું પ્રતિનિધિત્વ કરે છે.'

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮